UNITED INTERNATIONAL ✞ **AMERICAN CHRISTIAN NEWS**

GUJARATI CHRISTIAN SOCIETY ✞ **અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ**

NEW YORK & NEW JERSEY ✞ **FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN**

Phone # (732) 855-0596 email: jospausa@yahoo.com ✞ **EDITOR: JOSEPH PARMAR**

*(A NOT-FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)* ✞ **Issue-127, Year: 37, May-June-2016**



**તંત્રીની કલમે આ પત્ર...** માણસોને પોતપોતાની ઋતુની પસંદગી અલગ અલગ હોય છે. આ વર્ષે ગરમીથી ઈન્ડિયાના લોકો ત્રાસી ગયાના હેવાલો છે. વધુ ગરમી અને પાણીની અછતનો કોઈ ઉપાય સરકાર કરી શકી નથી, ત્યારે વરસાદનું મહત્ત્વ લોકોને સમજાય છે. પર્યાવરણના નિષ્ણાંતો વધુ પડતું ઉષ્ણતામાન અને પાણીની અછત માટે હાનિકારક કેમિકલના યોગ્ય નિકાલનો અભાવ, કારણભૂત હોવાનું જણાવે છે, તો પાણીની અછત માટે વૃક્ષોનો ઉછેર, પાણીનો સંગ્રહ ઉપાય હોવાનું જણાવે છે. આ માટે લાંબા કે ટૂંકા ગાળાની યોજનાઓ થતી નથી અને જો યોજના થઈ હોય તો તેનો અમલ ટલ્લે ચડતો હોય છે.

એક સીધી સાદી સમજ સૌને છે કે, પ્રાણીમાત્રને હવા, પાણી અને ખોરાક જીવનની મુખ્ય જરૂરિયાતો છે. કુદરતમાં આ ત્રણે ભરપૂર પ્રમાણમાં છે. મનુષ્ય સિવાયનાં જીવો તો કુદરત ઉપર આધાર રાખતાં હોય છે, તેઓ કોઈ યોજના ઘડતાં નથી. જ્યારે મનુષ્યો આ ત્રણેય જીવન જરૂરિયાતો માટે મુશ્કેલી સર્જતા હોય છે. જેનો સૌથી વધુ ઉપયોગ અને બગાડ મનુષ્યો જ કરતા હોય છે.

પર્યાવરણ વિજ્ઞાન જણાવે છે કે, ૧ મનુષ્યને પૂરતો ઓક્સિજન મળે તે માટે ૨૨ વૃક્ષો હોવાં જરૂરી છે. ૧૮ માણસો માટે એક એકરમાં વૃક્ષો ઉછરેલાં હોય તો તે વૃક્ષોથી ઉત્પન્ન થતો ઓક્સિજન યોગ્ય પૂરવઠો ગણાય છે. આપણે રહેતા હોઈએ એ વિસ્તારમાં કેટલાં વૃક્ષો પર્યાવરણના વિજ્ઞાન મુજબ યોગ્ય વૃક્ષો ધરાવતો છે? આ ફક્ત ચોખ્ખી હવા જે મફતમાં ,મળે છે તેની જરૂરિયાતની વાત થઈ.

વૃક્ષોની આ યોગ્ય જરૂરિયાત સંતોષાય તો બીજી બે મુખ્ય જરૂરિયાત-પાણી અને ખોરાકની અછતનો પ્રશ્ન જ ઊભો થાય નહીં! કહેવાય છે, 'વરસાદ પહેલે વરસે પહાડોમાં ને પછી વરસે ઝાડોમાં'

મનુષ્યને પોતાની પ્રાથમિક જરૂરિયાત માટે વિચારીને યોગ્ય યોજનાઓ ઘડવાનો ને તેનો અમલ કરવામાં રસ જણાતો નથી. મિત્રો! આ મુખ્ય જરૂરિયાતોની રજૂઆત કરીને મનુષ્યની પ્રાથમિક જવાબદારી અંગે વિચારવાનું મન થાય છે. જીવસૃષ્ટિ સ્વભાવે જ 'માણસુડું' હોય છે. મનુષ્યને અન્ય મનુષ્ય સાથે મળવાનું ગમે છે. કશી પણ લાઈનમાં કોઈ એક મહિલા પોતાના 8-10 માસના બાળકને તેડીને ઊભી હોય અને પાછળ પાંચ-છ માણસો પછી બીજી કોઈ મહિલા પોતાના 10-12 માસના બાળકને તેડીને ઊભી હોય તો તે બે બાળકો એકબીજાની સામે જોશે, હસશે, હાથથી ઈશારો કરશે, જો ચાલતાં હોય તો પોતાની માતાની કૂખેથી ઉતરી એકબીજાની પાસે જશે. પરસ્પર પ્રેમ આપવો-આ પ્રકારની માનવીય વૃત્તિ જેને મનુષ્યની સ્વાભાવિક પ્રાથમિક જવાબદારી ગણાય તે બાળકોમાં જન્મજાત પડેલી હોય છે. બાળક પુખ્તવયનું થતાં જીવનના અનુભવો તેનામાં–પરસ્પર પ્રેમની આપવાની જવાબદારી અંગે સભાનતા ગુમાવતું જાય છે.

*"માણસ એકલો રહે એ સારું નથી. હું એને લાયક મદદ કરનાર બનાવીશ.-* ઉત્પત્તિ: ૨:૧૮. પ્રભુની ઈચ્છા છે કે, મનુષ્ય પરસ્પર સહાયક બનીને રહે. પ્રભુની આ ઈચ્છા પૂરી કરવા મનુષ્યોએ પરસ્પર સહાયક બનવું-એ પ્રભુએ સોંપેલી જવાબદારી ગણાય! પરસ્પર પ્રેમ આપવો અને પરસ્પર સહાય કરવી- આ બે મુખ્ય પ્રાથમિક જવાબદારીનો વિચાર કરીએ તો... હાલમાં આ સંબંધે વાસ્તવિક પરિસ્થિતિ શી છે? તેવો પ્રશ્ન ઊભો થાય અને તેનો જવાબ શોધવો જરૂરી ગણાય. આ બે જવાબદારી સૌપ્રથમ પતિ-પત્નીની બની રહે છે. *"એટલે પછી પતિપત્ની બે નહિ રહેતાં એક જ બની જાય છે. આથી ઈશ્વરે જેમને સાથે જોડ્યાં છે તેમને માણસે છૂટાં ન પાડવાં."*-માથ્થી: ૧૯: ૪.

અહીં પરસ્પર પ્રેમ, પરસ્પર સહાય, પતિપત્ની બે નહિ, પણ એક બનીને રહે અને આ બંનેને પ્રભુએ જોડ્યાં છે, જેમને 'માણસે' છૂટાં પાડવાં નહિ. અહીં પતિપત્નીને અન્ય ત્રીજી કોઈ વ્યક્તિ છૂટાં પાડી શકે નહિ, તેમ કહેવાયું છે. આથી મનુષ્યની આ એક જવાબદારી કે, કોઈ પતિપત્નીના ઘરસંસારમાં ડખલ ઊભી કરીને, તેઓ વચ્ચે અણબનાવ થાય અને એ બે જણ છૂટાં પડે-તેમના 'છૂટાછેડા' થાય તે માટે કોઈએ પણ નિમિત્ત બનવું નહિ. પણ... અન્ય કોઈ નહિ પરંતુ પતિ કે પત્ની, અથવા બંને પરસ્પર ઝગડે, મતભેદો થતાં મનભેદ થાય અને બંને સાથે રહેવા તૈયાર ન હોય ને 'ડિવોર્સ'-છૂટાછેડા-ફારગતી-નો નિર્ણય લેવાય તે પ્રભુને પસંદ નથી. આમ મનુષ્ય તરીકે પતિ કે પત્ની-સ્ત્રી અને પુરૂષે લગ્ન સંબંધ નિભાવવો તે મુખ્ય જવાબદારી બની રહે છે.

આજના સમયમાં 'છૂટાછેડા', બધા સમાજમાં સામાન્ય બાબત બની ગઈ છે. નર અને નારી લગ્નગ્રંથિથી જોડાય, તેવો સામાજિક સંસ્કાર જોખમમાં છે. છૂટાછેડા લેનાર પુરૂષ અને સ્ત્રી-બંને પોતાની પ્રાથમિક જવાબદારીમાંથી છટકી જાય છે. જો પતિપત્ની આજીવન સાથ નિભાવે તો.. તેઓ માતા અને પિતા બને ત્યારે સંતાનને ઉછેરવાની જવાબદારી આવે છે. પોતાનાં સંતાનોને સારા નાગરિક-સારા 'વિશ્વનાગરિક' બનાવવાની ખાસ જવાબદારી આવી પડે છે.

આમ પછી તો બાળક, પુત્ર કે પુત્રી તરીકે, સ્ટુડન્ટ તરીકે, ભાઈ કે બહેન તરીકે ઘણી બધી જવાબદારીઓથી જીવન નિભાવે તો કુટુંબ અને સમાજમાં સુખ અને શાંતિ જળવાતી રહે. આજની દુનિયામાં મનુષ્યની વિવિધ જવાબદારી અંગેનું ચિત્ર દુ:ખદાયક છે. દેશનો વહીવટ કરતી સરકારો, સરકારી ઉચ્ચ અને અન્ય કક્ષાના કર્મચારીઓ, કેળવણી ક્ષેત્ર સાથે સંકળાયેલા વહીવટદારો, શિક્ષકગણ, વગેરે સરકારી નિયમો મુજબ જવાબદારીઓ નિભાવતા નથી. સરકારના દરેક ક્ષેત્રમાં લાંચ-રુશ્વત, ભ્રષ્ટાચાર, પાણી-પીણાં,ખોરાકની ચીજવસ્તુઓમાં ભેળસેળ અને અને ભાવવધારાથી ત્રસ્ત આમઆદમી જીવના નિભાવવા મથામણ કરતાં હારી જાય. અરે જગતનો તાત કહેવાતો ખેડૂત આત્મહત્યાનો માર્ગ લે, બહુ ચિંતાજનક પરિસ્થિતિ માટે જવાબદાર કોણ? રોજેરોજના સમાચારોમાં હત્યા, મારામારી, બળાત્કાર, રોડ અકસ્માતોમાં અરેરાટીભર્યાં મોત, વગે વગેરે.. કેટલું હૃદયદ્રાવક લખાણ અને ટીવીમાં જીવંત પ્રસાર, વગેરે કેમ વધી રહ્યું છે? .

વળી મનુષ્ય ધર્મ, કર્મ, સેવાની પ્રવૃત્તિઓની જવાબદારી તન, મન અને ધનથી નિભાવતા હોવાના પણ દાખલા જાણવા મળે છે. સામાન્ય જીવન જીવતા, સખત પરિશ્રમથી માંડ રોજિંદો ખોરાક મેળવતાં મનુષ્યોને કશી સમજ પડતી નથી કે કેમ આમ બની રહ્યું છે? એક તરફ વૈભવી જીવન-ધનસંપત્તિમાં આળોટતા મૂઠ્ઠીભર ધનાઢ્યો તો બીજી તરફ કરોડો મનુષ્યો માંડ માંડ જીવી રહ્યાં છે, આમ કેમ?

ઘણા પ્રશ્નો છે. ભવ્ય મંદિરો, સોનાના ખજાનાથી ભરેલો મંદિરોનો ભંડાર-આ બધું કોના, કયા, કેવા સુખ માટે? કોઈ ચોક્કસ શૈતાનિક શક્તિ વિશ્વને આજની પરિસ્થિતિમાં મૂકી રહી છે. *"જ્યારે હજાર વર્ષ પૂરાં થશે ત્યારે શેતાનને તેના કારાગારમાંથી છૂટો કરવામાં આવશે અને તે પૃથ્વીના ચારે ખૂણામાં વસતી પ્રજાઓને, એટલે કે 'ગોગ' અને 'માગોગ'ને ગેરરસ્તે દોરવાને અને યુધ્ધ માટે એકત્ર કરવાને બહાર આવશે. એ લોકોની સંખ્યા સમુદ્રની રેતી જેટલી છે. એ લોકોએ વિશાળ ધરતી ઉપર ફરી વળી પુણ્યજનોની છાવણીને અને ઈશ્વરની પ્યારી નગરીને ઘેરો ઘાલ્યો."*-પ્રકટીકરણ: ૨૦:૭-૯

**A mother understands what a child does not say.**

*~Author Unknown*

**The greatest thing a FATHER can do to his children, is to love their mother**.- *Anjaneth Garcia Untalan*



**અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"** સાથે કૉમ્યુનીટીના તાજા અને સવિશેશ સમાચારો માટેની વિશ્વવ્યાપી **લોકપ્રિય** વેબ સાઈટ: *jagadishchristian.com*

**"... અને મને દૃષ્ટિ પ્રાપ્ત થઈ."** –*જોઈસી ક્રિશ્ચિયન (Union City, NJ)*

ચક્ષુઓ તેની ભણી ન્હોતા કારણ હું અંધ હતો. છતાં પણ તેની પ્રેમભરી નજર મારા સમગ્ર અસ્તિત્ત્વ ભણી અવિરતપણે મંડાયેલી હતી. હું તો તેને નિહાળી શકતો ન્હોતો, તે મને નિહાળી રહ્યો હતો.

મારાં નયનો પર અંધકારનો પટ છવાયેલો હતો પણ તેની અસીમ કૃપા, ચૂંબકસમ મને તેની ભણી ખેંચાતી રહી. તે મને ખેંચતો ગયો.... હું ખેંચાતો રહ્યો.

હૃદયની તમન્ના તલસતી રહી, વિહ્વળ મન પોકારતું હતું. તે આપવા આતૂર હતો, હું પામવા અધીર હતો.

અચાનક તેનો નિરોગી સ્પર્શ મારા સમગ્ર અસ્તિત્ત્વને સ્પર્શી ગયો. અંધકારપટ હઠી ગયો, ચક્ષુઓ ખૂલી ગયાં, પ્રકાશનું સામ્રાજ્ય રેલાઈ રહ્યું. પણ અરે.... ચક્ષુઓનો ખોલનાર દૃષ્ટિ સમક્ષથી ક્યાંય દૂર...દૂર જતો રહ્યો!

ભારે ભીડમાં હું દેખતો થએલ અંધ લાચાર બની તેને ઢૂંઢતો રહ્યો. ભીડ મને શોધતી રહી, હું તેને શોધતો રહ્યો. ભીડ મને પૂછતી હતી, "કોણે તને દેખતો કર્યો?" મારી પાસે યોગ્ય જવાબ ન્હોતો. છેવટે હું પણ એ જ ભીડમાં ભળી ગયો.

આજે મારી વ્યથા હું કોને કહું?

દૃષ્ટિવિહોણો હું ત્યારે તો તેની સમક્ષતાની પ્રતીતિ કરી શકતો હતો. આજે જ્યારે દૃષ્ટિ છે ત્યારે દૃષ્ટિનો દેનાર દૂર નીકળી ગયો છે.

ભીડમાં હું ભટકી રહ્યો છું. પણ સ્પંદનો જગાડનાર, દૃષ્ટિનો દેનાર ક્યાં જતો રહ્યો છે?

દૂર દૂર ક્ષિતિજ પરે દૃષ્ટિ પડે છે, પણ હું આજે અસહાય છું કારણ ખોજ તેની કરું છું પણ તે મને જડતો નથી.

હે મુજ દૃષ્ટિનાદેનાર, દર દરની ઠોકરો ખાઈ હું હવે શ્રમિત થઈ ગયો છું. કાયા કમજોર બની છે, આત્મા તારે કાજે અધીર છે. મારા સમગ્ર અસ્તિત્ત્વને પલટાવી નાખનાર મારા પ્રાણપ્રિય પરમેશ્વર, તારી સમીપથી મને દૂર ના કર!

**"બાઈબલ સ્ટડી"-મે-જૂન ૨૦૧૬ના પ્રશ્નો:**

**વિભાગ ૧. નીચેના પ્રશ્નોના જવાબો એસ્તેર, ૨ કાળવૃતાંત, ૨ રાજા, ૧ શમુએલના પુસ્તકમાંથી શોધીને જવાબ આપો;**

પ્ર. ૧) કયા બે ખવાસીઓએ ગુસ્સે થઈને અહાશ્વેરોશ રાજાપર હાથ નાખવાની કોશીષ કરી?

પ્ર. ૨) રાજાએ પોતાની મુદ્રિકા હાથમાંથી કાઢી કોને આપી?

પ્ર. ૩) યોઆશ રાજા થયો ત્યારે તે કેટલા વર્ષનો હતો અને કેટલાં વર્ષ રાજ કર્યું?

પ્ર. ૪) કયા લોકોએ આહાઝને ઘેરી લીધો પણ તેને જીતી શક્યા નહિ?

પ્ર. ૫) કોના દ્વારા આ વચન કહેવામાં આવ્યું કે, "ઈઝાબેલનું માંસ યિઝએલના વાંટામાં કૂતરાં ખાશે?

પ્ર. ૬) પ્રાચીન લોકોની કઈ કહેવત છે?

**વિભાગ ૨. નીચેના પ્રશ્નોના જવાબ નિર્ગમન, ઝખાર્યાહ, માથ્થી, માર્ક અને પ્રેરિતોનાં કૃત્યોમાંથી શોધો;**

પ્ર. ૧) કઈ બીનાથી મુસાનો ક્રોધ તપી ઊઠ્યો? ને તેનું પરિણામ શું આવ્યું?

પ્ર. ૨) કયા નામનો પુરૂષ પોતાના સ્થાનમાંથી ઊગી નીકળશે અને યહોવાહનું મંદિર બાંધશે?

પ્ર.૩) કયું તહોમતનામું ઈસુના માથા પર લગાડ્યું?

પ્ર. ૪) ઈસુ કઈ જગ્યાએ અને કોનાથી બાપ્તિસ્મા પામ્યો?

પ્ર. ૫) કોણે દેવને મહિમા આપ્યો નહિ; એટલે પ્રભુના દૂતે તેને માર્યો?

**વિભાગ ૩. પ્રેરિતોનાં કૃત્યો, આમોસ અને હઝકીએલના આધારે ખાલી જગ્યા પૂરો;**

પ્ર. ૧) તેના શિષ્યો તેને ___, ____. બેસાડીને ___ ઉપરથી ____ મૂક્યો.

પ્ર. ૨) તમે ગરીબોને ____ નાખો છો, ને તેની પાસેથી . ___, ____ લો છો.

પ્ર. ૩) હું તમારા ____. ___, છું ને તમારા ____. ___, હું ____ થઈશ નહિ.

પ્ર. ૪) દુષ્ટ પોતાના ___ ફરે અને ___ રહે, એમાં મને ____ થાય છે.

પ્ર. ૫) પ્રભુ યહોવાહ કહે છે ___ મને કંઈ પણ ____ થતો નથી માટે ___ અને ___ રહો.

**"બાઈબલ સ્ટડી" માર્ચ-એપ્રિલ, ૨૦૧૬ના પ્રશ્નોના સાચા જવાબો મોકલનાર 'બાઈબલપ્રેમી'ઓની યાદી.** સૌને **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"**નાં અભિનંદન!

૧) સ્ટેલા પરમાર- નોર્થ બર્ગન, ન્યૂ જર્સી,

૨) કુમુદીની આર. સોલંકી-કનેક્ટીકટ

૩) એમિલ્યા ક્રિસ્ટી-જર્સી સીટી, ન્યૂ જર્સી

૪) રીબેકા ડાયલ-ન્યુયોર્ક, ૫) લીલીયન જે. જોન-નોર્થ બર્ગન, ન્યૂ જર્સી,

૬) ભાનુ ક્રિસ્ટી-કેલિફોર્નિઆ

* **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"**ને મળેલાં દાનની યાદી-

$10/ એમિલ્યા ક્રિસ્ટી-જર્સી સીટી, ન્યૂ જર્સી

**"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ" ઉદારદિલ દાતાઓનો** હાર્દિક આભાર માને છે!

દાન ફક્ત શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનના સરનામે મોકલવાં, તંત્રીશ્રીના સરનામે દાન સ્વીકારવામાં આવતાં નથી, તેની ખાસ નોંધ લેવી.

* અમેરિકામાં રહેતા જે કોઈ ખ્રિસ્તી ભાઈબેનને **American Christian News** મેળવવાની ઈચ્છા હોય તો **પોતાનું પોસ્ટલ/ઈ-મેઈલ એડ્રસ,** તંત્રીશ્રીને મોકલવા વિનંતી! **તંત્રીનું સરનામું અને ઈ-મેઈલ નોંધી રાખશોજી!**

Editor-ACN, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095
Phone No: 732-855-0596 * *Email: jospausa@yahoo.com*



**ઈસુ શીખવીત પ્રાર્થના** (ગતાંકથી ચાલુ.. લેખાંક ૫)

*-રેવ. ડૉ. સ્નેહલતા પટેલ (Brooklyn, NY)*

**તમારું રાજ્ય આવો, જેમ સ્વર્ગમાં થાય છે તેમ અહીં પૃથ્વી પર તમારી ઈચ્છા પૂરી થાઓ** (માથ્થી-૬:૧૦, લૂક- ૧૧:૨)

I-A **અન્ય સ્થળે ઈશ્વરના રાજ્યનું અસ્તિત્વ:** આ અરજમાં આપણને કેટલીક બાબતો જોવા મળે છે. પ્રાર્થના કરનાર વ્યક્તિ ઈશ્વરને વિનંતી કરે છે કે, જે રાજ્ય કે જ્યાં ભૂંડાઈ, વ્યભિચાર, અપ્રમાણિકતા નથી, પ્રભુ પોતે પ્રકાશ છે, ઈશ્વરના સેવકો આરાધના કરે છે અને ઈશ્વરનું મુખ જોવા મળે છે. એવું રાજ્ય આ પૃથ્વી પર આવો. (વાંચો પ્રકટીકરણ-૨૧ અને ૨૨ના અધ્યાયો)

1-ઈશ્વરનું રાજ્ય આ પૃથ્વી પર નથી એ હકીકત છે કારણ કે, અહીં આપણી ઈશ્વરથી ભટકી ગયેલાંઓ, અસત્ય ચાહનારા અને આચરનારાંઓની બહુમતિ જોવા મળે છે. જેને કારણે ઈશ્વરની ઉત્પન્ન કરેલી કૃતિ-મનુષ્યમાં અવિશ્વાસ, લડાઈ, વેરભાવના જોવા મળે છે.

2-પ્રાર્થના કરનાર વ્યક્તિને ઈશ્વરના કુટુંબમાં તેમનાં બાળકોને છાજે તેવું જીવન જીવવાને આદેશ મળે છે.

I-B **દેવનું રાજ્ય આ પૃથ્વી પર આવો:** આ વિનંતીમાં તમારું એટલે કે બીજા કોઈનું નહીં પણ દેવનું રાજ્ય અમારી મધ્યે આવો, એવી વિનંતી આપણે ઈશ્વરને કરવાની છે. એનો અર્થ એવો થયો કે આપણે કબૂલાત કરવાની છે કે આપણને દેવની પ્રતિમામાં બનાવ્યા હોવા છતાં આપણાં અંગત અને સામૂહિક જીવનમાં ઈશ્વર સિવાય અન્ય વ્યક્તિ કે પરિબળો કેન્દ્રસ્થાને-પ્રથમસ્થાને છે. તેથી આપણાં જીવનોમાં શેતાનના અમલને બદલે પ્રભુની ઈચ્છા પૂરી કરવા માટે સહાય માગવામાં આવે છે.

**C-મહાન સત્ય:** પ્રભુ ઈસુ ખ્રિસ્તના રક્ત વડે આપણો ઉધ્ધાર, એટલે કે, પાપના બંધનમાંથી છૂટકારો કરવામાં આવ્યો છે. તેથી જ્યારે આપણે પ્રભુ પર વિશ્વાસ કરીએ છીએ અને માફીનો સ્વીકાર કરીએ છીએ ત્યારે આપણે શેતાનનાં નહીં પણ ઈશ્વરનાં બાળકો બનીએ છીએ.

1-આપણાં જીવનમાં માત્ર જીવનનું સમર્પણ (giving) કરવાથી જ નહિ, પણ જ્યારે તેનો (ઈસુનો) સ્વીકાર (acceptance) કરીએ ત્યારે દેવના રાજ્યની શરૂઆત થાય છે.



"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

2-દેવનું રાજ્ય આત્મિક છે અને તે આપણા જીવનવ્યવહાર અને રહેણીકરણી દ્વારા જોવા મળે છે. જે વ્યક્તિ દેવના રાજ્યમાં છે તેનું જીવન પ્રેમ, આનંદ, શાંતિ, ધીરજ, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણુ, નમ્રતા, દયા અને સંયમથી ભરપૂર છે. (ગલાતી-5:22) અને તેની સારી અસરો અન્યજનો પર પડે છે. જે વ્યક્તિ દુન્યવી જીવન જીવે છે તેનમાં ભૂંડા વિચારો, લંપટપણુ, વેરભાવ, અદેખાઈ, ઝગડા, ગુસ્સો, પોતાનું જ હિત સાધવા માટેના પ્રયત્નો, કુસંપ, પક્ષાપક્ષી, ઈર્ષા, દારૂડિયાપણુ જોવા મળે છે.

પવિત્ર શાસ્ત્રનાં વચનો પ્રમાણે *"એ પ્રકારનું જીવન જીવનાર ઈશ્વરના રાજ્યનો સહભાગી બનશે નહીં"* (ગલાતી-5: 10-21)

3-આપણે જ્યારે આત્મિક જીવન જીવીએ છીએ અને અન્યજનોની આત્મિક જરૂરિયાતો પ્રત્યે ધ્યાન આપીએ છીએ ત્યારે આપણી અંગત આત્મિક જરૂરિયાતો પોષાય છે.

4-આપણે જ્યારે ઈશ્વરની ઈચ્છને આધીન થઈએ ત્યારે પણ આપણા જીવનમાં દુન્યવી (શૈતાનિક) અને દૈવી પરિબળો વચ્ચે સતત સંઘર્ષ ચાલતો જ રહે છે. આ બંને પરિબળોમાંથી તે સમયે જેને આપણે પ્રાધાન્ય આપીએ છીએ તે આપણા જીવનમાં રાજ કરે છે. તેથી જ આપણે ઘણીવાર ઈશ્વરના સેવક-સેવિકાનાં અધઃપતન વિષે સાંભળીએ છીએ. સદા સજાગ રહેવાની જરૂર છે.

**D-દેવનું રાજ્ય વ્યક્તિગત અને અંગત છે.**: પ્રભુનો સ્વીકાર કરનાર વ્યક્તિ જ્યારે ઈશ્વરને માન્ય શું છે તે શોધી અને તે પ્રમાણે જીવન જીવવાનો દૃઢ મનસૂબો કરે છે ત્યારે દેવનું રાજ્ય જોવા મળે છે.

1-દેવના રાજ્યની શરૂઆતને સૌથી નાના રાઈના દાણા સાથે સરખાવવામાં આવી છે. આપણું પ્રાર્થનામય જીવન એ બી (બિયારણ) જેવું છે. જેમ જેમ સમય જાય છે તેમ તેમ એમાં ઘણો ફેરફાર થયા કરે છે.-અને બીમાંથી છોડ અને વૃક્ષ-તેમ વિશાળ બનતું જાય છે,. પ્રાર્થનામાં ઘણું બધું સામર્થ્ય સમાયેલું છે. ગુમરાહ થયેલાંઓને આગ્રહ અને વિશ્વાસથી કરેલી પ્રાર્થનાઓ તેમને પ્રભુમાં લાવે છે.

2-દેવના રાજ્યની વૃદ્ધિમાં આકાશી રાજ્યના નાગરિકોએ ધીરજ, દીર્ઘદૃષ્ટિ અને મક્કમતા દાખવવાની જરૂર છે. પરિણામની ચિંતા કર્યા વિના પ્રાર્થનાના વારિનું સતત સીંચન કરવાનું છે.

**II-A વિશ્વમાં (પૃથ્વી પર) દેવનું રાજ્ય**: પૃથ્વી પર દેવનું રાજ્ય આવે તે માટે દૈવી રાજ્યના નાગરિકોએ મહત્ત્વનો ભાગ ભજવવાની જરૂર છે. પ્રભુના જીવંત નામે ઓળખાતા લોકો જ્યારે પ્રભુને હૃદયની રાજગાદી પર આમંત્રણ આપશે. અને પ્રભુની દોરવણી મુજબ વ્યક્તિગત અને સામૂહિક જીવન જીવશે ત્યારે સંસ્થાઓમાં, દેશોમાં દેવનું રાજ્ય જોવા મળશે.

અઢારમી સદીમાં ઈંગ્લેન્ડનું ભાવિ અંધકારમય હતું તેવા સમયે ઈશ્વરે જોન વેસ્લીનો ઉપયોગ કર્યો. અને અને આત્મિક જુવાળ ફાટી નીકળ્યો. આત્માઓ જીતાવા લાગ્યા. ખ્રિસ્તી ધર્મ ઔપચારિક નહીં પણ હૃદયનો (Religion of Heart) બન્યો. આજે વિશ્વભરના અનેક દેશોમાં વેસ્લી ચળવળના અનુયાયીઓ મળે છે.

ઓગણીસમી સદીમાં આત્મિક જુવાળ વધુ જોરમાં ફાટી નીકળ્યો. અને મિશનરીઓએ પોતાનાં સુખ, સગવડ, સલામતી, આરામદાયી જીવન જીવવાને બદલે પરદેશમાં અજાણ્યા લોકો, ભાષા, સંસ્કૃતિ સ્વીકારી તેમને પ્રભુ ઈસુના ત્યાગ બલિદાન અને પ્રેમનો પયગામ પહોંચાડ્યો. પ્રભુના લોકોએ નાણાં, સમય આપ્યાં અને ઠેર ઠેર દેશ વિદેશમાં છાત્રાલયો, શાળાઓ, દેવળો, દવાખાનાંઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ઈશ્વરશાળાઓ તેની સાક્ષી પૂરે છે. અગણિત લોકોને નવું જીવન, ભરપૂર જીવન મળ્યું. હું અને તમે સૌ તેમનાં ફળો છીએ. આજે આપણી આસપાસનું વાતાવરણ, સમાજ, દેશને સ્વર્ગીય રાજ્ય પૂરું પાડવાની આપણી પવિત્ર જવાબદારી બની રહે છે. પૃથ્વી પર સ્વર્ગીય રાજ્ય લાવવામાં આપનું યોગદાન આપવા પ્રાર્થના કરનાર દરેક વ્યક્તિએ આત્મખોજ કરતાં પ્રભુની દોરવણી માગવાની જરૂર છે. અને જે પ્રમાણે ઈશ્વર દોરે તે રીતે દોરાવાથી આપણી મધ્યે દેવનું રાજ્ય જોવા મળશે.

**B-દેવનું રાજ્ય આ પૃથ્વી પર સમયની સંપૂર્ણતામાં આવનાર છે**: દેવનાં વચનો અનુસાર ઈશ્વરનું નિવાસસ્થાન મનુષ્યો મધ્યે છે. તે તેઓની સાથે રહેશે. તેઓ તેમના લોક થશે અને તે તેઓના ઈશ્વર થશે.-"ત્યાં મરણ, વેદના, દુઃખ કે વિલાપ જોવા મળશે નહીં" (પ્રકટીકરણ-21: 10)

આ રાજ્યમાં કોઈપણ પ્રકારની ભૂંડાઈ, વ્યભિચારી અને અપ્રમાણિક વ્યક્તિ પ્રવેશ કરી શકશે નહીં પરંતુ જેઓનાં નામ હલવાનના જીવનના પુસ્તકમાં લખવામાં આવ્યાં છે, તેઓ જ પ્રવેશ પામશે.

સારાંશ: ટૂંકમાં દેવના રાજ્યનું આગમન એટલે શાપને દૂર કરવો અને પૃથ્વીનો પુનરૂદ્ધાર કરવો. દેવનું રાજ્ય હમણાં અને ભવિષ્યમાં આવનાર છે.

1-દેવનું રાજ્ય લાવવામાં ખ્રિસ્ત અને તેના અનુયાયીઓ મહત્ત્વનો ફાળો આપે છે. તેથી આપણને મનફાવે તેમ આપણે ઈશ્વરનું કાર્ય હાથ ધરવાનું નથી. એથી ઉલટું ઈશ્વરની પ્રેરણા પારખી તે દોરે તે પ્રમાણે ધીરજથી તેની તરફ દૃષ્ટિ રાખી આપણાં નાણાં, શક્તિ અને સમયનો ઉપયોગ કરવાનો છે.

2-વહાલાંઓ, આ પૃથ્વી પર આપણે પ્રવાસી જેવાં છીએ. દેવના રાજ્યના નાગરિક બનવું હોય તો આ પૃથ્વી પરના જીવન દરમ્યાન આપણે તે માટે તૈયારી કરીએ. અને સાથે સાથે આતત્માઓ જીતી સ્વર્ગીય રાજ્યની વૃધ્ધિ કરવાનો મહામૂલો ફાળો આપીએ ત્યારે જ પ્રભુની પ્રાર્થનામાં ઉચ્ચારાયેલ આ વિનંતી સાર્થક અને ફળદાયી બનશે. સાથે સાથે જ્યારે પૃથ્વી પરનું આપણું જીવન પૂરું થશે ત્યારે **"શાબાસ, સારા અને વફાદાર સેવક, તું આ નાની બાબતમાં વિશ્વાસુ માલુમ પડ્યો/પડી, મારા આનંદમાં ભાગીદાર થા"**



## આજની મહત્તા

*-શ્રીમતી ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

ફિલીપી-૪: ૬ કશાની ચિંતા ના કરો પણ પ્રાર્થના સહિત તમારી અરજો દેવને જણાવો. પ્રભુમાં આનંદ કરીએ, આજના દિવસનું મહત્ત્વ સમજી તેનો નમ્રતાપૂર્વક ઉપયોગ કરીએ. આપણો માંહ્યલો એક કલાકાર છે. ઈશ્વરદત્ત કલા અંતરમાં પડેલી જ છે. જેનાથી પોતે જ અજાણ છીએ. આ દુનિયાના આરંભથી જ ઈશ્વરે અનેક શક્તિઓનો સંચાર કર્યો છે. જ્યારે બાળક રમે છે ત્યારે જરૂર યાદ રાખે છે કે, તેણે સલમતીપૂર્વક રમવાનું છે, નહિ તો પોતે જ પોતાની જાતને ઈજા પહોંચાડશે. દરરોજ એક પડકાર સમાન દિન હોય છે. આપણી સામે એક જોખમહોયછે. જો એ જોખમ ઉઠાવીશું તો જ પ્રગતિ કરી શકીશું.

જીવન બદલાશે જો આપણે અણગમતી આદતો કે વ્યસનના બંધાણી છીએ તો એને છોડવા અથાક પ્રયત્નો કરવા પડશે. પરસેવાથી નહાય જવું પડશે. જાતને નીચોવી નાખવી પડશે. તેને છોડવા ભારે જોખમ ખેડવું પડશે. જો ઈશ્વર આપણા પક્ષનો છે તો તેની સહાયથી સર્વ શક્ય બને છે. અને પ્રભુ વ્યસનમાંથી જરૂર મુક્ત કરશે. પ્રભુને કહેવાની જરૂર જ છે. પ્રભુ જ તેને છોડવા બળ આપશે. "અગર જો હોય માંદો તું ઈસુને કહે" આપણે ઈશ્વરની નજરમાં ઘણાં મૂલ્યવાન છીએ. પોતે જ પોતાનું માન જાળવવાનું છે. પોતેજ આશીર્વાદ પ્રાપ્ત કરવા છે. અંધકારમાં એક ડગલું આગળ ભરીશું તો જ અજવાળાને પામીશું. વિચારોને પકડી લઈએ. એક દિવસનું જોખમ ઉઠાવવાનો વિચાર કરીએ. જોખમી દિવસ તો એક જ હોય છે. ઉચ્ચ વિચારોનો અમલ કરી જોખમ ઉઠાવવાનો દિવસ જે જીવનને ઉચ્ચસ્તરે લઈ જશે, પણ અંધકારમાં અજવાળાને પામવા માટે એક ડગલું ભરવું પડશે.

આ બળ, હિંમત અને આગળ વધવાનો સ્રોત ઉચ્ચ વિચારોનો વારસો ઘરમાંથી જ મળે છે. માબાપ બાળકોનો વિકાસ સાધવા માટે ઊઠતાં-બેસતાં ટોકતા રહે છે. સારું શું, ખોટું શું? ઘર એ જ પાઠશાળા છે. નાનપણથી જ દેવળમાં લઈ જાય, સન્ડે સ્કૂલમાં બેસાડે, દસ આજ્ઞાઓ શીખવે. ધન્યતા રોજબરોજના જીવનમાં કેવી રીતે વણાય છે તે શિક્ષણ ઘરમાંજ અપાય છે.



"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

જૂઠ્ઠું નહિ બોલવું, ચોરી નહિ કરવી, ખરાબ સોબતથી દૂર રહેવું. અનેક પ્રકારના શિક્ષણ પાછળ માતાપિતા છે. જે તેઓ બાળકના મગજમાં ઠસાવતા જ રહે છે. બાળપણથી જ માબાપની આધીનતા, સ્કૂલનું શિક્ષણ અને જ્યારે મોટા થાય ત્યારે જીવનની પાઠશાળામાંથી મળેલ શિક્ષણનો બાળકે પોતે જ પોતાની જાત માટે ઉપયોગ કરવાનો છે. બાળક માટે માતા પ્રેમનું ઝરણું છે, તો પિતા ઝરણાંના મજબૂત કાંઠા છે. સ્વભાવે કડક નાળિયેર જેવા સોલીડ દેખાય પણ માંહ્યલામાં ઋજુ, કોમળ દિલ હોય છે. બાળકને પ્રેમનો ખોળો જોઈએ તો મા છે, પણ વાસ્તવિક જીવનમાં બાળક પિતા પર નિર્ભર હોય છે, જે બધી મુશ્કેલીઓમાં મજબૂત થંભની જેમ તેમની સાથે ઊભા રહેશે. અસહાય પરિસ્થિતિમાં બાળક પિતા તરફ મીટ માંડે છે. પ્રેમ અને મમતા માટે મા છે, પણ પ્રત્યેક સવાલનો જવાબ પિતા હોય છે. બાળકના 'રોલ મોડલ' (Role Model) પિતા હોય છે. પિતાના જીવનનું પ્રતિબિંબ બાળકના ઘડતર માટે ઉદાહરણ હોય છે. બાળકો પિતાના પગલાં પગ મૂકી ચાલવા ટેવાયેલા હોય છે. ધન્ય હો આપણા આકાશી પિતા કે જેમણે માતા-પિતાના સુંદર અજાયબ સુવર્ણ સંબંધનો સેતુ રચ્યો.

જીવન એક 'ચેલેન્જ' છે અને અવતા એકે એક પ્રશ્નને સુલઝાવવાના જોખમો ઉઠાવવાનાં છે. પવિત્ર શાસ્ત્રનાં વચનો આ જોખમ ઉઠાવવામાં મદદ કરશે. સાચું શિક્ષણ આપશે. લાગણીના પ્રવાહમાં ખોટા શિક્ષણને પ્રોત્સાહન આપતાં વચનો સાથે બાળકને સાચું શિક્ષણ આપીએ. ઢીલા ન પડતાં કડક બની બાળકને સાચા માર્ગે વાળવા પ્રાર્થના અને વચનોનો સહારો લઈએ. પરમેશ્વર આપણા શિક્ષક છે, મિત્ર છે. સત્યને માર્ગે દોરે છે. પાઉલ પિતાની જેમ તિમોથીને શિક્ષણ આપે છે. ૧ તિમોથી: ૪: ૧૨ *"તને જુવાન જાણી કોઈ તારો તુચ્છકાર ન કરે પણ વચનમાં, વર્તનમાં, પ્રીતિમાં, વિશ્વાસમાં અને પવિત્રતામાં તું વિશ્વાસીઓને નમૂનારૂપ થજે."*

સભાશિક્ષક૧૨: ૧ *"યુવાવસ્થાના દિવસોમાં સર્જનહારનું સ્મરણ કર, દેવનું ભય રાખ અને તેની આજ્ઞા પાળ, તે દરેક ભય, જોખમ અને આફતમાં એકલા મૂકશે નહિ."*

માથ્થી-૧૧: ૨૮-૨૯ *"ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસમો આપીશ."* પ્રભુ કરુણા કરશે. પરીક્ષણમાં પડ્યા છીએ, વ્યસનના બંધાણી છીએ તો હેબ્રી-૨: ૧૮ *"કેમકે, તેનું પરીક્ષણ થવાથી તેણે દુ:ખી કર્યા, તેથી જેઓનું પરીક્ષણ થાય છે તેઓને સહાય કરવાને તે શક્તિમાન છે."* ઈસુએ દુ:ખ સહ્યાં, તેથી જ જ્યારે દુન્યવી પરીક્ષણ થાય છે ત્યારે તે સહાય કરવાને શક્તિમાન છે. દુ:ખમાં દિલાસીત કરે છે. આજે જો તેની વાણી સાંભળીએ અને આજે જ તેને આધીન થઈએ અને જે કામ કરવાનું છે તેનું જોખમ ઉઠાવીએ, કારણ કદાચ આવતી કાલ આપણી પાસે હોય જ નહિ. આવતી કાલ આવતી જ નથી, આજ જ આપણી પાસે છે તેનો ઉપયોગ કરીએ. યાકૂબ કહે છે, જીવન ધૂમસ જેવું છે, થોડીવાર દેખાય છે અને પછી અદ્રશ્ય થઈ જાય છે. નીતિવચન-૨૦: ૧૫ સુલેમાન રાજા હંમેશાં મારા દિકરા કહી સમજાવે છે-સોનું તથા માણેકમોતી તો પુષ્કળ હોય છે પણ જ્ઞાની હોઠ તો એક મૂલ્યવાન જવાહીર છે. માત-પિતાએ આપેલા મૂલ્યવાન જીવનનો આજે જ ઉપયોગ કરીએ. પ્રભુ સાથે જ છે. જરાપણ ડરીએ કે ડગમગીએ નહિ.

જે ઉરમાં માત-તાત વસ્યા, નિ:શબ્દ છે અભિવ્યક્તિ એમની,
દે છે શીખ જીવનના હર પડાવ પર, ખમી તડકા છાંય લઈ ખુદનો સાથ.
મૂકો ડગ માપીને આજ, કરો હૃદયને નવપલ્લવિત!

**સમાચાર સાર**: -*પ્રો. જસ્ટીન ક્રિશ્ચિયન, (Jersey City, NJ)*

તાજેતરમાં "ગૂડ ફ્રાઈડે"ની સવારે ૯:૩૦ કલાકે TV ASIA ઉપર સમાચાર જોવા મળ્યા. સમાચારો વચ્ચે ઘણી જાહેરાતો સાથે છેલ્લા સમાચારમાં પોપ ફ્રાન્સિસને સીરિયન નિરાશ્રિત સ્ત્રીના પગ ધોતા અને પગે ચૂંબન કરતા બતાવ્યા. હું તો ખૂબ ઉત્તેજીત થઈ ગયો હતો.

"ઈસ્ટર"ના રવિવારે બપોરના ૧:૩૦કલાકે "ગુજરાતી ક્રિશ્ચિયન ફેડરેશન ઓફ ન્યુ જર્સી" ના 'બેનર' નીચે "હોબોકન કોમ્યુનીટી ચર્ચ"માં "ઈસ્ટર"ની ઉજવણીમાં ભક્તિસભાના કાર્યક્રમ પછી ટ્રસ્ટીઓ અને મહેમાનોનો પ્રમુખ તરીકે આભાર માન્યા પછી ફાધર પોપ ફ્રાન્સિસની વાત કરી. "સાઉથ એશિયન ટાઈમ"ના પખવાડિકમાં લખવામાં આવ્યું હતું કે. ઈન્ડિયન મધર સુપીરિયર, જેઓ મધર ટેરેસાના ઘરડાઘરમાં ૬૧ જેટલી સાધ્વીઓ અને ફાધર સાથે 'યમન'માં રહેતા તેઓની ઉપર અજાણ્યા બંદૂકધારીઓએ ગોળીબાર કરી ૪ સાધ્વીઓની હત્યા કરી અને ફાધરને અજાણી જગ્યા પર લઈ ગયા.

"ઈસ્ટર"ના પછીના સોમવારે સવારના TV ASIAના છેલ્લા સમાચારમાં રેવ. ફાધર, જેમનું નામ થોમસ (ટોમ) હતું. તેઓ ટોમના હુલામણા નામથી જાણીતા હતા, તેમને ખૂબ જ ત્રાસ આપીને વધસ્તંભે લટકાવી દેવામાં આવ્યા હતા. તેમનો ફોટો એક ક્ષણ માટે બતાવવામાં આવ્યો. ચહેરા પર જરા પણ ચિંતા કે વેદનાનો ભાવ ન હતો.

"પ્રભુ ઈસુના માટે કેવી સુંદર શાહાદત!"

શું આપણે આવી રીતે શહાદત આપી શકીએ?

ISISના ડરના કારણે 'યમન'માં ભારતીય દૂતાવાસ બંધ કરી દેવામાં આવેલ છે.

-"South Asian Times" અને "TV Asia"ના સૌજન્યથી.

**"કળિયુગમાં માતાપિતાનું સ્થાન"** –*જોઈસી ક્રિશ્ચિયન (Union City, NJ)*

માતા-પિતા પર પ્રેમ દર્શાવતાં કાવ્યો, લેખો, સંદેશાઓ, કહેવતો, ઉક્તિઓ, વગેરે, વગેરે સંબંધી વાંચવા તથા સાંભળવા આપણને ઉપલબ્ધ થતાં રહે છે. જોકે



સમય હવે બદલાતો જાય છે. આજનો જમાનો મોહમાયા, લોભ, મોજશોખ, નશો, બદફેલી તથા અનૈતિક બાબતોમાં રાચી રહ્યો છે.

માતાપિતાનું સન્માન કરવા માતૃદિન તથા પિતૃદિનની ઉજવણી કેલેન્ડરના પૃષ્ઠ પર જોવા મળે છે. આ અંતિમ દિવસો ચાલી રહ્યા છે, જેમાં પ્રભુ ઈસુનાં વચનો જુઓ, "શું તમે ધારો છો કે, પૃથ્વી પર શાંતિ કરાવવા હું આવ્યો છું? હું તમને કહું છું કે ના, પણ તેથી ઊલટું ફૂટ પાડવા (આવ્યો છું); કેમકે, હવેથી એક ઘરમાં પાંચમાં ફૂટ પડશે, એટલે ત્રણ બેની સામા, ને બે ત્રણની સામા થશે. બાપ દીકરાની સામો તથા દીકરો બાપની સામે થશે; મા દીકરીની સામેને દીકરી પોતાની માની સામી થશે; સાસુ પોતાની વહુની સામી અને વહુ પોતાની સાસુની સામી થશે,એમ તેઓમાં ફૂટ પડશે."-લૂક:૧૨: ૫૧-૫૩

આ લખાઈ રહ્યું છે તેના ત્રણેક અઠવાડિયા પહેલાં અમારા ઘરની નજીકની નવમી સ્ટ્રીટ, નોર્થ બર્ગન પર એક ૨૬ વર્ષના "સ્ટીવન્સ કોલેજ" હોબોકન, ન્યુ જર્સી ખાતે એન્જીનિયર થયેલા પટેલ યુવકે દાદીનું ઘર મેળવવા "ઘર લખી આપો." કહી ઝગડો કર્યો. દાદીએ ઈન્કાર કરતાં ચાકુના ચાર-પાંચ ઘા કરી દાદીને મોતને શરણ કર્યાં. આ છે લોભનું પરિણામ! ક્રૂરતાપૂર્વક હત્યા કરીનેએ યુવક શું ઘર મેળવી શક્યો? હાલ એ જેલના સળિયા પાછળ છે. દાદી મોતને વર્યાં, પૌત્ર જેલ ભેગો થઈ સમાજમાં બદનામ થઈ ગયો.

ટી. વી મીનીસ્ટ્રી ચેનલ ખાતે ઉત્તેજનાત્મક એક કિસ્સો સાંભળવા મળ્યો. એક 'ટીનએજર' બૂટ પૉલિશ કરવા બેઠો હતો. એક 'પાસ્ટર' 'કોન્સરન્સ'માં જવા ઉતાવળે બૂટ પૉલિશ કરાવવા આ છોકરા પાસે ગયા. છોકરો પૉલિશ કરતો ગયો. પરંતુ 'પાસ્ટર'ના બૂટ ચમકવાને બદલે વિચિત્ર લીસોટા ધરાવતા બની ગયા. 'પાસ્ટરે' સહજ ગુસ્સો કરતાં છોકરાને કહ્યું, "આ શું? તેં મારા બૂટ કેવા કરી નાખ્યા?" છોકરાએ નીચું નમાવેલું મસ્તક ઊંચું કર્યું, નમ્રતાથી જવાબ આપ્યો, "સાહેબ"-એટલું બોલતાં દબાવી રાખેલો ડૂમો ડૂસકું ખાઈ ગયો. પાદરીની નજર છોકરાના ચહેરા પર પડી, જે પર આંસુના રેલા ચમકી રહ્યા હતા. છોકરાએ કહ્યું, "મને માફ કરો સાહેબ. મારી માતા ગઈ રાતે મરણ પામ્યા. તેમના અતૂટ પ્રેમનું ઋણ મારે ચૂકવવું પડે માટે મેં સવારથી બૂટ પૉલિશ કરવાનું શરૂ કર્યું. *-Page 04*

આ કામ દ્વારા જે નાણાં મને મળશે એમાંથી હું મારી માતાને અંતિમ -Page 04 વિદાય આપવા થોડાં ફૂલ ખરીદી શકીશ." 'પાસ્ટર'ની આંખો સાંસુથી ભીની થઈ ગઈ. છોકરાનાં આંસુ લૂછતાં તેમણે કહ્યું, "આજે મારા બૂટ તદ્દન નવા બની ગયા છે." કહી છોકરાના હાથમાં નાણાં ભરેલું પાકીટ મૂકી દીધું.

એક કિસ્સામાં મેળવવાનો લાભ હૃદયને પાષાણમય કરતો જોઈ શકાય છે, જ્યારે બીજા કિસ્સામાં પ્રેમ, બલિદાન તથા ત્યાગની ભાવના વ્યકત થાય છે.

આજે જ્યારે માતૃદિન કે પિતૃદિનની ઉજવણી કરીએ છીએ કે સલામ પાઠવીએ છીએ ત્યારે 'સ્વ'ને તપાસવાનીજરૂર છે. "જૈસી કરણી વૈસી ભરણી', "વાવો તેવું લણશો." "જે માપથી તમે આપો છો તે માપથી તમને અપાશે." આ કહેવતો વિસારે ન પાડતાં સમજવાનીજરૂર છે.

આપણા સમાજમાં એક કુટુંબના દીકરાઓ "દારુડિયા" છે, એમ ભાંડવામાં આવે છે, પણ મારો અનુભવ એ કુટુંબ માટે એ કરતાં જુદો છે. એ ભાંડવામાં આવતા દીકરાઓ માતાપિતા માટે લાગણી દર્શાવી તેમને સન્માનિત કરે છે, તેમની કાળજી લઈ, બધી સગવડ સાચવે છે. એ જોઈ એ દીકરાઓ પ્રતિ મને આદર થાય છે.

જ્યારે એવાં કુટુંબો જોયાં છે કે જેઓ માતાપિતાને ખાસડા જેમ 'ટ્રીટ' કરતા હોય. એક ઘરમાં તો માતાને વૃધ્ધાશ્રમે મોકલી દીધી અને દીકરા-વહુ કહે, 'આમારા કૂતરા માટે રૂમ રાખવાનો છે.' વિધવા માતા કે વિધૂર બાપ કે વૃધ્ધ માબાપને ઠૂકરાવશો નહિ.

આ લેખ કોઈ વ્યક્તિએ પોતા પર લેવાની જરૂર નથી. જો 'બંધબેસતી ટોપી હોય તો પહેરી લઈ' સુધારના પંથે આગળ વધશો તો રભુ આગળ ગૂનેગાર નહિ ઠરો. પ્રભુ જરૂએદયા કરશે. મુસાએ આપેલી દસ આજ્ઞાઓમાં એક જ આજ્ઞામાં શરત અને પરિણામ મૂકવામાં આવ્યાં છે. "તારાબાપનું તથા તારી માનું સન્માન તું રાખ કે તારોદેવ યહોવાહ જે દેશ તને આપે તેમાં તારું આયુષ્યદીર્ઘ થાય." (નિર્ગમન-૨૦: ૧૨)

* **ખાસ સૂચના:-** **American Christian News (ACN)**માં પોતાના લેખ પ્રસિધ્ધ કરવાની ઈચ્છા ધરાવનારે **પોતાનાં તમામ લખાણ સીધાં જ તંત્રીશ્રીના સરનામે મોકલવાં.** જૂલાઈ ૨૦૧૬**ની ૧૫ તારીખ સુધીમાં બારોબાર તંત્રીને મોકલીને** સહકાર આપવા વિનંતી! -Page 03

-લખાણની શરૂઆતમાં લેખકે પોતાનું નામ, સરનામુ અને ફોન નંબર અને **જો હોય તો ઈ-મેઈલ એડ્રસ સાથે** લેખ મોકલ્યાની તારીખ અચૂક લખવી.

નીચેની બૂકો **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"**ના વાચકો ઓછા દરે ખરીદી શકે છે;

માર્ચ, એપ્રિલ, **મે** અને **જૂન-2016 વિઝા બુલેટીન**

| **ફેમિલિ કેટેગરી** | માર્ચ-2016 | એપ્રિલ-2016 | મે- 2016 | **જૂન--2016** |
|---|---|---|---|---|
| **F-1** | 08 Aug-08 | 22 Sep-08 | **22** Nov-08 | **15 Jan-09** |
| **F-2 A** | 22 Sep-14 | 22 Oct-14 | 01 Nov-14 | **08 Nov-14** |
| **F-2 B** | 22 May-09 | 15 June-09 | 01 Sep-09 | **22-Oct 09** |
| **F-3** | 15 Oct-04 | 22 Nov-04 | **01 Dec-04** | **01 Dec-04** |
| **F-4** | 01 July-03 | **22 July-03** | **22 July-03** | **01 Jan-01** |

**પાછળના ત્રણ મહિનાની વિગતના આધારે પાંચેય કેટેગરી દર માસે કેટલી આગળ** વધી કે અટકી **તે જાણીને વિઝા ક્યારે નીકળશે તેનો અંદાજ કાઢી શકાય.**

ઉપરોક્ત કોઠા મુજબ **જૂન -2016ની વિઝા વિગત** નીચે મુજબ છે:-

**F-1**-અમેરિકન સીટીઝનનાં **21 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો-
**15 JANUARY-2008** (આ મહિને ફક્ત **23 દિવસ આગળ વધી**

**નોંધ: (યુએસ સીટીઝનનાં** પતિ/પત્ની, **યુએસ સીટીઝનનાં 21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત સંતાન, યુએસ સીટીઝનનાં** માતા/પિતાને **નિકટતમ કુટુંબજન** તરીકે **તત્કાલીન વિઝા** મળે. માસિક/વાર્ષિક **વિઝા-ક્વોટા મર્યાદા લાગુ પડતી નથી**

**F-2 A** ગ્રીનકાર્ડધારકનાં **પતિ/પત્ની** અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો-**08 NOVEBER-2014** (આ મહિને ફક્ત **07 દિવસ** આગળ વધી છે)

**F-2 B**– ગ્રીનકાર્ડધારકનાં **21વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો-
**22 OCTOBER-2009** (ગયા મહિનાથી **51 દિવસ આગળ વધી છે**)

**F-3**–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો-**01 DECEMBER-2004** **(ગયા મહિને હતી ત્યાં** જ **અટકી છે), યુએસ સીટીઝન માબાપ માટે માઠા સમાચાર**

**F-4**–US **સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન-**01 JANUARY-2001** ગયા મહિને હતી ત્યાંથી **2 વર્ષ 6 મહિના અને 22 દિવસ** પાછળ ગઈ છે, જે **ભાઈ-બેન માટે** ઘણા માઠા અને ચિંતાજનક **સમાચાર છે)**

**uscis.gov વેબ સાઈટ** ઉપરની છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી.

**ઉપરોક્ત બુલેટીન મુજબ આ મહિને ફાઈલ ખાસ અગળ વધી છે, આથી આ પરિસ્થિતિમાં તો.. F-1** માટે **8 વર્ષથી વધુ** રાહ જોવી પડે. **F-2 A** હવે છેલ્લા **4 મહિનાથી આગળ જાય છે,** તેથી **1 વર્ષ 6 મહિના** જેટલી **રાહ જોવી પડશે.**

**F-2 B** માટે **6** વર્ષ **6** મહિના રાહ જોવી પડે. **F-3** માટે **12** વર્ષ**થી વધુ** રાહ જુઓ અને **F-4** માટે હવે તો **15** વર્ષ જેવી રાહ જોવી પડે, **F-3** જે **પરણિત સંતાનની માતા કે પિતાએ કરેલી ફાઈલના કરતાં F-4-જે ભાઈ કે બહેને પોતાના ભાઈ કે બહેન માટેની ફાઈલ હવે પાછળ જવાથી F-4** માટે **15 વર્ષ કે તેથી પણ વધુ મુદતનો** વિલંબ થશે. * 'બ્લડ રીલેશન'-લોહી સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, સંતાનો, માતા/પિતાની-**ફેમિલી કેટેગરીની બધી ફાઈલો ચાલુ જ છે/ફાઈલ કરી શક્કાય છે. કામચલાઉ રીતે પણ બંધ કરવામાં આવી નથી. વિઝા ફી ચૂકવી હોય તો કશી** રાહ જોયા વિના **સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ છે.

**રોજગાર આધારિત વીઝા બુલેટીન જૂન-2016**

| **કેટેગરી** | **અગ્રતા તારીખ** | **ગયા માસથી આગળ/પાછળ** |
|---|---|---|
| **E 1**-નિષ્ણાત કામદારો | તત્કાલ | વર્તમાન |
| **E 2**- ધંધાકીય ડીગ્રીધારકો | **01 OCT 04 (માઠા સમાચાર)** | **ગયા માસ 22 NOV 08 થી 04 વર્ષ 3** વીક **પાછળ ગઈ** |
| **E 3**- કુશળ કારીગરો | **22 SEP 04 (ઠીક સમાચાર)** | **ગયા માસ 01 SEP 04 થી 03 વીક આગળ ગઈ** |
| **E W**-અન્ય કામદારો | **22 SEP 04** (**ઠીક સમાચાર**) | **ગયા માસ 01 SEP 04 થી 03 વીક આગળ ગઈ** |
| **E 4**- ચોક્કસ પ્રકારના વસાહતીઓ | **તત્કાલ** | વર્તમાન |
| **E** 5-રોજગારી ઉત્પન્નકર્તા | **તત્કાલ** | **વર્તમાન** |
| ધાર્મિક વ્યક્તિઓ | **તત્કાલ** | વર્તમાન |

All Christ followers from Gujarat, living here in USA, please join us for a day retreat with Fr. Paresh on June 18, 2016, Satureday.
Please mark your calendars for a memorable event!
Please bring your Bible.
I personally recommend it!
Please come to satisfy your spiritual hunger!
Bring your written questions, Questioners names not to be declared. Pre-registration preferd for better service.
732-855-0596-please leave masaage. numbers of people attended. Food will be served' No addmission fee!
ન્યુ જર્સી, કનેક્ટિકટ, ન્યુ યોર્ક તથા પેન્સિલ્વેનિયા અને આસપાસના સૌ ઈસુપંથીઓને ભાવભીનું આમંત્રણ! **પ્રવેશ ફી નથી.**
સૌ પ્રથમ વાર અમેરિકામાં.....આપણી ભાષામાં....આપણી સમજ અને સૂઝની રીતે....ચાલો....જીવનનું ભાથું બાંધીએ!
વાસ્તવિક જીવન અને ધર્મલક્ષી પ્રશ્નોની ચર્ચા ગુજરાતથી પધારેલ ફાધર પરેશ સાથે....
જીવનમાં દુઃખ શાને કારણે આવે છે?
આ દુઃખ મારા માથે જ કેમ? -Page 05

માંદગીનું કારણ શું છે?
માંદગી ઈશ્વર તરફથી આવે છે?
આપણા જીવનમાં
સુખ..... શાંતિ..... સમૃધ્ધિ...... સાજાપણું......
અને
સલામતી.......
આ પાંચ આપણને કોણ અપાવી શકે?
સંસાર કે ઈશ્વર?
ઈસુ પર શ્રધ્ધા રાખવી એટલે શું? સાચું ખ્રિસ્તી જીવન કોને કહેવાય?
આવા ઘણા ઘણા પ્રશ્નોની બાઈબલ આધરિત છણાવટ અને બાઈબલ આધારિત જવાબો મેળવવા અચૂક પધારો!
આપણા પ્રશ્નોનું સમાધાન કોની પાસે છે? આવો.......આપણે શોધીએ....
સાથે આપનું "પવિત્ર બાઈબલ" સાથે લાવવાનું રખે ભુલતા....
આવો અને પવિત્ર આત્મા પ્રેરિત આત્મચિંતન શિબિરમાં ભાગ લો....
સૌ પ્રથમ વાર અમેરિકામાં.....આપણી ભાષામાં....આપણી
રીતે....ચાલો....જીવનનું ભાથું બાંધીએ!
ન્યુ જર્સી, કનેક્ટિકટ, ન્યુ યોર્ક તથા પેન્સિલ્વેનિયા અને આસપાસના સૌ ઈસુપંથીઓને ભાવભીનું આમંત્રણ! સરળ મનન-ચિંતનની અમૂલ્ય તક!

**તારીખ: જૂન ૧૮, ૨૦૧૬ શનિવાર**

સમય: સવારના ૧૦થી ૧૨- રીટ્રીટ પ્રથમ સત્ર (ચર્ચમાં)
ભોજન: બપોરના ૧૨થી ૧:૦૦ અને
બપોરના ૧:૦૦થી ૫:૩૦ રીટ્રીટ દ્વીતિય સત્ર- (‘કાફેટએરિયામાં)

**આપના મૂંઝવતા પ્રશ્નો લખીને લેતા આવશો, પ્રશ્ન પૂછનારનું નામ લખવું જરૂરી નથી, અને લખ્યું હોય તો ખાનગી રહેશે, જાહેર કરવામાં આવશે નહીં, જેટલા વધુ પ્રશ્નો એટલા ચિંતન/મનનના વધુ ફાયદા!**

સ્થળ: 149 South Plainfield Avenue, South Plainfield, NJ 07080
બપોરના ભોજનની વ્યવસ્થા છે. પ્રવેશ ફી નથી. અગાઉથી હાજર રહેનારની સંખ્યા જણાવી યોગ્ય વ્યવસ્થા કરવા માટે સહકાર આપશોજી!

---

How to TALK
Talk to Mother _lovingly
Talk to Father _respectfully
Talk to Brothers _heartfully
Talk to Sisters _affectionately
Talk to Children _enthusiastically
Talk to Officials _politely
Talk to Relatives _empathetically
Talk to Friends _jovially
Talk to Workers _courteously
Talk to Vendors _strictly
Talk to Customers _honestly
Talk to Politicians _carefully
No other OPTION !! □□
Talk to GOD _silently
**Talk to WIFE ~no no~ ......**
**KEEP QUIET & LISTEN ONLY...!!!**

---

* આ મહિના-જૂન-2016નું યુએસ વિઝા બુલેટીન આંચકો આપનારું છે. યુએસ સીટીઝન ભાઈ/બહેને પોતાનાં ભાઈ/બહેનના ફેમિલીને અમેરિકામાં કાયદેસર બોલાવવા માટેની કરેલી ફાઈલ 2 વર્ષ અને 6 મહિના પાછળ કરવામાં અવેલી છે. આ સંબંધી ઘણા ફોનકોલ આવે છે, ચિંતા વ્યક્ત કરતાં આનો શો ઉપાય? તેવા પ્રશ્નો આવતા હોય છે. આપની જાણ માટે... સને 2010માં આવી પરિસ્થિતિ હતી, જેમાં ફેમિલી કેટેગરી-ભાઈ/બહેનની ફાઈલની તારીખ 2 વર્ષ પાછળ મૂકાઈ હતી. હાલમાં થયું છે તેમ ફાઈલ ઉઘડ્યા બાદ વિઝા ફી પણ ઓક્ટોબર 2010માં વિઝા ફી પણ યુએસ ઈમિગ્રેશનને ચૂકવી દીધેલી હતી. પણ વિઝા નીકળ્યા નહીં અને એ ફી ચૂકવેલા કેસના વિઝા ઈન્ટરવ્યુ  છેક 2014 ના ફેબ્રુઆરીમહિનામાં નીકળ્યા. આમ... ચાર-4 વર્ષ મોડા અમેરિકામાં આવવાનું બન્યું.

આપની જાણ માટે હાલમાં જેઓનાં ‘વિઝા ઈન્ટરવ્યુ’ નીકળ્યાં છે, તેઓને ‘વિઝા’ મંજૂર કર્યા પછી મુંબઈ યુએસ એમ્બસીમાંથી લેટર આવ્યા છે કે, ‘આપનો કેસ ‘રિવ્યુ’માં છે અને હવે પછી ક્યારે અમેરિકા જઈ શકશો તે જણાવતો પત્ર આપને મોકલવામાં આવશે. આમ 2વર્ષ અને 6 મહિના પાછાળ ગયેલી **F-4** ની ફાઈલો માટે આશાવાદી રહીને રાહ જોયા સિવાય બીજો કોઈ જ ઉપાય નથી. આશા રાખીએ એ પાછળ ગયેલી કેટેગરી વહેલી તકે સરખી થાય અને પૂર્વવત સમયમાં પાછી આવી જાય.

* ઈન્ડિયન પાસપોર્ટ અંગેની સેવાઓ માટે ‘આઉટસોર્સ’ એજન્સી **M/s Cox and Kings Global Services**નો સંપર્ક સાધવાની શરૂઆત 9 મે, 2016થી થઈ ગઈ છે. ‘વેબસાઈટ’-http:/www.passport.in.ckgs.us છે. ન્યુયોર્ક ખાતે આ એજન્સીનું સરનામું છે- 336 West, 37th Street, 5th floor, New York 10018. આ એજન્સીનો ફોન નંબર-213-213-5019-સવારના 9:00થી સાંજના 6:00 સુધી,સોમવારથી શુક્રવાર

* “ગ્રીનકાર્ડ” ધરાવનાર મા/બાપ પોતાનાં **પરણિત સંતાનની** ‘ફેમોલી કેટેગરી’માં I-130 form ફાઈલ કરી શકે નહીં. તેઓ **પોતાનાં અપરણિત સંતાનની ફાઈલ મૂકી શકે છે. યુ એસ સીટીઝન** માતા/પિતા જ **પોતાનાં પરણિત સંતાન**ની I-130 form ફાઈલ કરી શકે છે.

* “ગ્રીનકાર્ડ” ધરાવનાર માતા/પિતાએ અપરણિત સંતાનની ફાઈલ મૂકી હોય અને ફાઈલ મૂકનાર યુ એસ સીટીઝનશીપ સ્વીકાર્યા પહેલાં જેની ફાઈલ મૂકી હોય તે અપરણિત સંતાન જો લગ્ન કરી દે તો એ ફાઈલ ‘કેન્સલ’ થાય, પણ ફાઈલ કરનારે યુએસ ઈમિગ્રેશનમાં જાણ કરી ફાઈલ ‘કેન્સલ’ કરવા જણાવવું જરૂરી. જો ફાઈલ કરી હોય તે અપરણિત સંતાન લગ્ન કરી દે અને ફાઈલ કરનાર “ગ્રીનકાર્ડ” ધરાવનાર યુએસ ઈમિગ્રેશનમાં એ બાબતની જાણ ન કરે અને એ ફાઈલ ઉઘડે અને જરૂરી ડોક્યુમેન્ટ રજૂ કરીને કાર્યવાહી આગળ ચાલુ રાખે અને વીઝા ઈન્ટરવ્યુ કોલ મુજબ રૂબરૂ વીઝા મળી જાય તો... એ **એક ગંભીર છેતરપીંડીનો કેસ બને** અને યુએસ ઈમિગ્રેશનને તે બાબતની જાણ થાય તો જે વ્યક્તિ વીઝા ઈન્ટરવ્યુ માટે ગયેલ હોય તેને જીવનભર યુએસએમાં પ્રવેશ મળી શકે નહિ. આવા ઘણા કેસ બનેલા છે. “ગ્રીનકાર્ડ” આધારે અપરણિત સંતાનની I-130 ફાઈલ કરી હોય તો....એ અપરણિત સંતાન પરણી જાય અને ફાઈલ કરનાર “યુએસ સીટીઝન” ન બને તો.... યુએસ ઈમિગ્રેશનમાં ફાઈલ ‘કેન્સલ’ કરાવવી હિતાવહ છે.

---

**From:-AMERICAN CHRISTIAN NEWS**
Community Paper soliciting your Co-operation
**I.D. # 11-2917985 August 28, 1988**
**“Gujarati Christian Church”**
17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804
**Phone # (732) 750-4064-**(Ruthben Christian)

To,



“American Christian news” published since 1988, by “Gujarati Christian Church”
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*